
# સંકટ : ૧૩મીએ બિપોરજોય વાવાઝોડું ગુજરાત પાસેથી પસાર થશે

## રાજ્યમાં વધુ એક વાવાઝોડાનો ખતરો : ગુજરાતના દરિયા પર નહિ ટકરાય બિપોરજોય વાવાઝોડું પાકિસ્તાન બાજુ ફંટાશે

અમદાવાદ, તા.૪

ગુજરાતમાં જુન મહિનાના પ્રથમ દસ દિવસમાં એકસાથે બે વાવાઝોડા ટકરાશે તેવી આગાહી કરાઈ હતી. ત્યારે એક વાવાઝોડું ગુજરાત તરફ આવી રહ્યું છે. રાજ્યમાં વધુ એક વાવાઝોડાનો ખતરો મંડરાઈ રહ્યો છે. અરબી સમુદ્રમાં સાયક્લોનિક સિસ્ટમ બનવાની છે. આ સાયક્લોનિક સિસ્ટમને બિપોરજોય નામ આપવામાં આવ્યું છે. ત્યારે ગુજરાતમાં જે વાવાઝોડાનો ખતરો મંડરાઈ રહ્યો છે તે બિપોરજોય વાવાઝોડાને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. બિપોરજોય વાવાઝોડું ગુજરાત પાસે આવી રહ્યું છે. પણ રાહતના સમાચાર એ છે કે, આ વાવાઝોડું ગુજરાતના દરિયા પર નહિ ટકરાય. બિપોરજોય વાવાઝોડું પાકિસ્તાન બાજુ ફંટાશે. ૧૦ જુને આ વાવાઝોડું ગુજરાત પાસેથી પસાર થશે અને ૧૨ જુને તે પાકિસ્તાનમાં ટકરાશે. જોકે, આ વાવાઝોડની અસર ગુજરાતમા જોવા મળશે. તેની અસરના ભાગરૂપે ગુજરાતમાં વરસાદ જોવા મળશે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રના વાતાવરણમાં પલટો આપશે. સાથે જ માછીમારોને પણ આ દિવસોમાં દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. આ સાથે જ આગામી પાંચ દિવસમાં પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેના કારણે આજે જ ગુજરાતના વાતાવરણમાં પલટો આવ્યો છે. રાજ્યમાં હવામાન વિભગ અનુસાર અગામી ૭થી ૧૧ જૂન સુધી ભારે વરસાદ પડી શકે છે. દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્રમાં ૫ જૂને સાયક્લોનિક સર્ક્યુલેશન બનશે. આ વાવાઝોડુંને બિપોરજોય નામ અપાયુ છે. જેના કારણે ૭ જૂનની આસપાસ સાયક્લોનિક સર્કયુલેશન લો પ્રેશર બની શકે છે. જેના કારણે વાવાઝોડા સાથે ૭થી ૧૧ જૂન સુધીમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૧ તાલુકામાં વરસાદ નોંધાયો છે. બનાસકાંઠા જિલ્લાના પાંચ તાલુકામાં વરસાદ નોંધાયો. સૌથી વધુ વરસાદ બનાસકાંઠાના થરાદ અને દિયોદરમાં એક ઈંચ નોંધાયો. રાજ્યમાં સવારે છ વાગ્યાથી આઠ વાગ્યા સુધીમાં જ ૫૪ તાલુકામાં વરસાદ પડ્યો. જેમાં સૌથી વધુ વરસાદ ખેડાના મહેમદાબાદમાં બે ઈંચ વરસ્યો. બનાસકાંઠાના લાખેણી અને ખેડાના નડિયાદમાં દોઢ ઈંચથી વધુ વરસાદ પડ્યો. આજે સવારે બે કલાકમાં જ ૧૨ તાલુકામાં એક ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો.




## બાઈક સવાર દંપતિ પર ઝાડ પડતા બન્નેના કરૂણ મોત

### ખેડામાં વીજળીના કડાકા સાથે વરસાદ : ઘનનાના પગલે ગ્રામજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ

ખેડા, તા.૪

રવિવારે વહેલી સવારથી જ ગુજરાતના અનેક જિલ્લાઓમાં વીજળીના કડાકા સાથે વરસાદ ખાબક્યો હતો. તેવામાં ખેડા જિલ્લામાં પણ ભારે પવન ફૂંકાયો અને વરસાદ પડતા વાતાવરણમાં પલટો આવ્યો હતો. જોકે આ દરમિયાન ખેડામાં વાવાઝોડાને કારણે વૃક્ષ ધરાશાયી થતા દુર્ઘટના સર્જાઈ છે. બાઈક પર સવાર એક દંપતિ પર આ વૃક્ષ પડતા તેમનું ઘટનાસ્થળે મોત નીપજ્યું છે. જેથી ગામમાં શોકનો માહોલ પ્રસરી ગયો છે. પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે આ નીલગીરીનું ઝાડ હતું.

નોંધનીય છે કે બાઈક પર સવાર દંપતિ ઝાડ નીચેથી પસાર થઈ રહ્યું હતું. આ નીલગિરિનું ઝાડ અચાનક જ પડી જતા જોવાજેવી થઈ હતી. એટલું જ નહીં આ ઘટના ખેડા જિલ્લાના ઠાસરા તાલુકા પાસે શાહપુર ગામમાં બની છે. જ્યાં નીલગિરિના ઝાડ પાસેથી બાઈક પર સવાર દંપતિ પસાર થઈ રહ્યું હતું. અચાનક આ ઝાડ તેમના પર પડતા બંનેનું મોત નીપજ્યું છે. અત્યારે બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. વળી બીજી બાજુ ગામમાં શોકનું મોજુ ફરીવળ્યું છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં પાંચ દિવસ સુધી વરસાદ પડવાની શક્યતા છે. સાબરકાંઠા અને બનાસકાંઠામાં વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. આ સિવાય દક્ષિણ ગુજરાતમાં પણ વરસાદ પડવાની શક્યતા છે. વીજળીના કડાકા ભડાકા અને ગાજવીજ સાથે વરસાદ વરસી શકે છે. આ સિવાય અમદાવાદમાં તાપમાનનો પારો એક ડિગ્રી પણ વધી શકે એવી શક્યતા છે.

## અમદાવાદમાં બે કલાક વરસાદથી પાણી ભરાયા

### વહેલી સવારે વાદળો ઘેરાતા અંધારપટ્ટ : શહેરના નવા વાડજ સર્કલ પાસે ગાયનું સ્ટેચ્યુ પડી ગયું સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે વરસાદની આગાહી

અમદાવાદ, તા.૪

સાયકલોનિક સર્ક્યુલેશનના કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં પાંચ દિવસ દરમિયાન ધોધમાર વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. આની સીધી અસર અમદાવાદ શહેર પર પણ જોવા મળી રહી છે. જેમાં રવિવારે વહેલી સવારથી જ આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ ગયા હતા. આ દરમિયાન વીજળીના કડાકા સાથે ભારે પવન ફુંકાવવાનું શરૂ થઈ ગયું હતું. તેવામાં ગણતરીની સેકન્ડોમાં અનરાધાર વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. અમદાવાદમાં જે પ્રમાણે વરસાદ પડ્યો એનાથી બે



ઘડી તો રસ્તા પરથી વિઝિબિલિટી પણ ઓછી થઈ ગઈ હતી. એટલું જ નહીં વાહન ચાલકોને પણ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વહેલી સવારે જે પ્રમાણે વાવાઝોડા ફૂંકાયા એને તસવીરોમાં કેદ કરાયા છે. એટલું જ નહીં અહીં વરસાદ પડવાના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. નવા વાડજ પાસે ધોધમાર વરસાદ પડતા સર્કલ પર ગાયનું સ્ટેચ્યુ હતુ તે તૂટીને પડી ગયું હતું. જેની તસવીરો અત્યારે સામે આવી રહી છે. નોંધનીય છે કે આની સાથે અનેક એવા વિસ્તાર છે શહેરના જ્યાં ઠેર ઠેર પાણી ભરાયા છે. જોકે વહેલી સવારે તોફાની બેટિંગ કર્યા પછી લગભગ ૧૦ વાગ્યાની આસપાસ અમદાવાદમાં ક્યાંક તડકો તો ક્યાંક વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી વરસાદી માહોલ જોવા મળ્યો હતો. શહેરમાં અતિ કાળા ડિબાંગ વાદળોથી સમગ્ર આકાશ ઘેરાયું હતું અને શહેરભરના અલગ અલગ વિસ્તારોમાં વીજળીના ચમકારા અને કડાકા ભડાકા સાથે વરસાદ તુટી પડ્યો હતો.



## અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની જળયાત્રા નીકળી

### ૧૦૮ કળશમાં જળ ભરાઈને જળાભિષેક : જગન્નાથજીની જળયાત્રામાં ભજન મંડળી, અખાડા, સંતો-મહંતો, ગજરાજ, મોટી સંખ્યામાં ભક્તો જોડાયા








અમદાવાદ, તા.૪

રવિવારે અમદાવાદના આંગણે ભગવાન જગન્નાથજીની જળયાત્રા નીકળી હતી. જળયાત્રા પહેલા અમદાવાદમાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. તેના બાદ ભગવાન જગન્નાથની જળયાત્રામાં ૧૦૮ કળશમાંથી ભૂદરના આરેથી જળ ભરાયું હતું. પૂજા અર્ચના બાદ ૧૦૮ કળશમાં સાબરમતીના જળ ભરવામાં આવ્યા હતા. આ વિધિ દરમિયાન મોટી સંખ્યામાં સંતો મહંતો હાજર રહ્યા હતા. જળયાત્રા બાદ ગજવેશમાં ભગવાનના દર્શન માટે ભક્તો ઉમડ્યા હતા. આજે ભગવાન જગન્નાથજીની જળયાત્રા હોવાથી ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો. જગન્નાથ મંદિરની બહાર જશ્નનો માહોલ હતો. ક્યાંક કરતબના દ્રશ્યો જોવા મળ્યા તો ક્યાંક ભક્તો ભજનના રંગે રંગાયા હતા. જળયાત્રાને પગલે સવારથી જ મંદિરનું વાતાવરણ પ્રફુલ્લિત હતું. જગન્નાથ મંદિરની બહાર ભક્તોએ ડાન્સ કર્યો હતો. ઢોલના તાલે ભક્તો ડાન્સ કરતાં જોવા મળ્યા. તો જળયાત્રાના પાવન પર્વ પર મહિલાઓ અવનવા નૃત્ય કરતી જોવા મળી. વહેલી સવારથી જ મંદિરની બહાર ભક્તિમય માહોલ સર્જાયો. હતો. ભગવાન જગન્નાથના મંદિરની અંદર સોનાના કળશ મુકાયા. આ સોનાના કળશથી જ ભગવાન પર જળાભિષેક કરાયો. મંદિરની અંદર મુકેલા સોનાના કળશ ભક્તોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ભગવાન જગન્નાથજીની જળયાત્રા દરમિયાન આરતી કરાઈ હતી. જળયાત્રાની આરતીમાં પ્રદીપસિંહ વાઘેલા સહિત મહાન સંતો મહંતો જોડાયા હતા. જળયાત્રામાં કરાયેલી મહાઆરતીમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા. જળયાત્રા હોવાથી ભગવાનને ખુબ જ સુંદર શણગાર કરાયો હતો ભગવાન જગન્નાથને સુંદર વાઘા પહેરાવ્યા અને સુદર્શન ચક્ર સાથેના આભુષણો પણ પહેરાવ્યા હતા. ભગવાનના શિરે રહેલી પાઘડીએ ભક્તોનું મન મોહી લીધું. ઢોલ-નગારા, ધજા પતાકા, બળદગાડા, બેન્ડ બાજા સાથે જળયાત્રા યોજાઈ છે. ૧૦૮ કળશ સાથે મોટી સંખ્યામાં ભક્તો જળયાત્રામાં જોડાયા છે. સાબરમતી નદીમાંથી ૧૦૮ કળશમાં જળ ભર્યા બાદ નદીની આરતી કરવામાં આવી હતી. જળ ભરેલા કળશ સાથે ભગવાન જગન્નાથની જળયાત્રા મંદિરે પરત પહોંચી હતી. ભગવાનની જળાભિષેકની પૂજા-વિધિ પૂર્ણ થયા બાદ ભગવાનનો જળાભિષેક કરવામાં આવ્યો હતો.

### સરકી ગયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમ પણ હવામાન તજજ્ઞો જણાંવી રહ્યા છે. ત્યારે આ પુર્વે હજુ પણ આગામી તા ૭ અને ૮ જુનના રોજ ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યુ છે. જેના લીધે આગામી એકાદ દિવસમાં ગરમીનો મિજાજ ઉગ્ર બનશે તેમ પણ મનાઈ રહ્યુ છે. આ વર્ષે ઉનાળાની શરૂઆત મોડી થઈ પરંતુ પ્રારંભિક તબક્કે ગરમીના પારાની ચઢ ઉતર બાદ છેલ્લા ઘણાં સમયથી મોસમનો મિજાજ એકધારો જોવા મળી રહ્યો છે. અલબત્ત ગરમીનુ સતત જોર રહેતા નગરજનો બેબાકળા બની ગયા છે. ત્યારે હજુ ચોમાસાની દસ્તક પુર્વે શહેરમાં ગરમીનુ મોજુ ફરી વળે તેવી સંભાવના છે.

### હાજરી ઘટી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બન્દોબસ્ત વચ્ચે સ્ટ્રોંગ રૂમ સુધી લઈ જવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી જયારે પરીક્ષા કેન્દ્રો પર મહીલા પોલીસ સહીત પુરતો બન્દોબસ્ત પણ જોવા મળ્યો હતો. જયારે પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ સહીતના અન્ય ઉપકરણો પણ લઈ જવા પર પ્રતિબંધ હતો. પંચાયત અને તલાટીની જેમ આ પરીક્ષા પણ શાંતિપુર્ણ માહોલમાં પુર્ણ થઈ હતી. જયારે શાંતિપુર્ણ માહોલમાં પરીક્ષા સંપન્ન થતા જિલ્લા શિક્ષણ તંત્ર અને વહીવટી તંત્રના અધિકારીઓએ પણ રાહતનો શ્વાસ લીધો છે.

### ઓચિંતિ મુલાકાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લઈ કામની સમીક્ષા કરી હતી. આ મુલાકાત દરમિયાન તેમની સાથે છઝજી પંકજ જોષી સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. મુખ્યમંત્રી કારોલી ગામે ઓચિંતા પહોંચ્યા હોવાની જાણ થતા દહેગામના સ્થાનિક અધિકારીઓ પણ તાત્કાલિક કરોલી ગામે દોડી ગયા હતા. મુખ્યમંત્રીએ તળાવની મુલાકાત લીધા બાદ હાજર અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. રાજયના મુખ્યમંત્રી કરોલી ગામેની મુલાકાતે આવ્યા હોવાની જાણ થતાં સ્થળ પર સંસ્થાનિક લોકો પણ એકઠા થઈ ગયા હતા. ભુપેન્દ્ર પટેલે સ્થાનિકોની સાથે કોમનમેનની જેમ ચર્ચા કરી હતી.

દહેગામ તાલુકાની ઓચિંતી મુલાકાતે આવેલ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો કાફલો હરસોલી ગામે આવેલ સામાન્ય ચાની કીટીલી પર રોકાઈ ગયો હતો. મુખ્યમંત્રીએ અહીં સામાન્ય લોકોની જેમ બેસી ચા પીધી હતી.

સાથે સાથે સ્થાનિક સરપંચ મહેન્દ્રસિંહ ચૌહાણ તેમજ સ્થાનિકો સાથે ચાય પે ચર્ચા કરી હતી. મુખ્યમંત્રીની આ સાદગી જોઈ સૌ કોઈ ચોંકી ઉઠ્યા હતા. તો બીજી તરફ સામાન્ય જગ્યાએ આવેલ પાનના ગલ્લા આગળ આવેલ ચાની કીટલી ખાતે મુખ્યમંત્રી રોકાતા ચાની કીટલીના માલિક પણ ભાવવિભોર થઈ ગયા હતા. દહેગામ તાલુકાના કરોલી ગામની મુલાકાત લીધા બાદ માર્ગમાં આવતા હરસોલી ગામ ખાતે સીએમનો કાફલો પહોંચ્યો હતો.

આ દરમિયાન મુખ્યમંત્રીએ પ્રસિદ્ધ અને પ્રાચિન તોતરા માતાજી મંદિરમાં પહોંચી દર્શન કર્યા હતા. તો ગામમાં આવેલ આશાપુરા માતાજીના પણ મુખ્યમંત્રીએ દર્શન કર્યા હતા. આમ મુખ્યમંત્રી આ મુલાકાત દરમિયાન કોઈ પણ પ્રકારના પૂર્વ આયોજીત કાર્યક્રમ વગર બબ્બે મંદિરે દર્શને પહોંચતા તેમની આ સાધ્વીની ચર્ચા સમગ્ર પંથકમાં થઈ રહી છે.

### સીબીઆઈ કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી છે. રેલવે અધિકારીઓનું કહેવું છે કે ટ્રેનો માટે હવે ઓછામાં ઓછો એક ટ્રેક તૈયાર છે, પરંતુ બાલાસોર અકસ્માત સ્થળે લૂપ લાઈન સહિત તમામ ટ્રેકને ઠીક કરવા માટે વધુ સમયની જરૂર છે.

જો કે, જ્યાં સુધી ઓવરહેડ ઈલેક્ટ્રિક કેબલ રિપેર ન થાય ત્યાં સુધી બંને લાઈનો પર માત્ર ડીઝલ લોકોમોટિવ જ ચલાવી શકાશે. ઓવરહેડ પાવર લાઈનો રિપેર થયા બાદ ઈલેક્ટ્રિક ટ્રેનો દોડવાનું શરૂ કરશે.

રેલવે મંત્રીએ કહ્યું છે કે બુધવાર સવાર સુધીમાં લાઈન સાફ થઈ જશે. હકીકતમાં, શાલીમાર-ચેન્નઈ કોરોમંડલ એક્સપ્રેસ, બેંગલુરુ-હાવડા સુપર ફાસ્ટ અને એક માલસામાન ટ્રેન શુક્રવારે અકસ્માતનો ભોગ બની હતી. આ અકસ્માતમાં ૨૭૫ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૧૦૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે.

ભારતીય રેલવેનું કહેવું છે કે તેણે ઓડિશામાં ટ્રેન દુર્ઘટનામાં મૃતકોના સંબંધીઓ અને ઘાયલ મુસાફરોની મદદ માટે હેલ્પલાઈન નંબર ૧૩૯ પર વિશેષ વ્યવસ્થા કરી છે.

રેલ્વેના વરિષ્ઠ અધિકારીઓની એક ટીમ ૧૩૯ હેલ્પલાઈન ૨૪□૭નું સંચાલન કરી રહી છે અને ઝોનલ રેલ્વે અને રાજ્ય સરકાર સાથે સંકલન કર્યા પછી કોલ કરનારને તમામ સંબંધિત વિગતો પૂરી પાડે છે. આટલું જ નહીં, રેલવેએ એક ઘાયલ યાત્રીના સંબંધીઓ માટે વિશેષ ટ્રેનની પણ વ્યવસ્થા કરી છે.

### આગમન

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેના કારણે વાવાઝોડા સાથે ૭થી ૧૧ જૂન સુધી વરસાદ પડવાની શક્યતા હવામાન વિભાગની આગાહી છે. રવિવારે વહેલી સવારે રાજ્યમાં અનેક તાલુકામાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગની આગાહી મુજબ કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ભારે પવન ફૂંકાશે.

## ગુજરાતી પ્રવાસીઓની ટ્રાવેલ્સ બસને બિહારમાં અકસ્માત : મહિલાનું મોત

વડોદરા, તા.૪

વડોદરાની ખાનગી ટ્રાવેલ્સની બસમાં દર્શન અર્થે ગયેલા યાત્રીઓને અકસ્માત નડ્યો હતો. આજે બિહારના ફરાસાઈ ગામ પાસે બસને અકસ્માત થતા ૧૫ થી વધુ મુસાફરો ઘાયલ થયા છે. તેમજ વડોદરાની એક પ્રવાસીનું મોત નિપજ્યું છે. અંદાજે ૪૦ થી વધુ મુસાફરો ખાનગી ટ્રાવેલ્સની ટુરમાં પ્રવાસે નીકળ્યા હતા. વડોદરાના સાંસદે બિહારના સાંસદ સાથે ઘાયલોને તમામ મદદ કરવા ખાતરી આપી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, વડોદરાની ખાનગી ટુર કંપનીની બસ બિહારના પ્રવાસે નીકળી હતી. જેમાં ૪૦ જેટલા મુસાફરો સવાર હતા. મધુબનીમાં સિલીગુડીથી ગયા જઈ રહેલી બસ તેજ ગતિથી આગળ વધી રહી છે. આવામાં બસ અનિયંત્રિત થઈ હતી. જેથી બસ નેશનલ હાઈવે ૫૭ પર ૨૦ ફૂટ નીચે ખાડામાં જઈને પડી હતી. બસના નીચે પડતા જ મુસાફરોની ચીચીયારીઓ વિસ્તારમા ગુંજી ઉઠ્યો હતો. આ અકસ્માતમાં એક મહિલા મુસાફરનું મોત નિપજ્યું છે. તો ૧૫ થી વધુ યાત્રીઓ ઘાયલ થયા હોવાની પ્રાથમિક માહિતી મળી છે. પોસ્ટમોર્ટમ બાદ મહિલાના મૃતદેહને બિહારથી વડોદરામાં લાવવામાં આવશે.

અકસ્માત બાદ ઘાયલ થયેલા તમામ મુસાફરોને અનુમંડલીય હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. તો ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ તાત્કાલિક પહોંચી હતી. મૃતક મહિલાનું નામ હંસાબેન (ઉંમર ૫૯ વર્ષ) હોવાનું સામે આવ્યું છે.

બીજી તરફ, વડોદરાના સાંસદે બિહારના સાંસદ સાથે વાત કરી હતી. તેઓએ ઘાયલોને તમામ મદદ કરવા ખાતરી આપી. અકસ્માતમાં ઘાયલ થયેલાને તમામ પ્રકારની મદદ આપવાની બિહારના સાંસદે પણ ખાતરી આપી હતી. વડોદરા સાંસદ રંજનબેન ભટ્ટ બિહારના સાંસદ સાથે સતત સંપર્કમાં રહ્યાં. તેમજ જિલ્લા કલેકટર તેમજ ભાજપના કાર્યકર્તાઓ પણ અકસ્માતમાં ઘાયલ થયેલા દર્દીઓની પડખે રહ્યાં છે. હાલ મુસાફરોને જમવા, દવા ઉપરાંત તમામ પ્રકારની મદદ કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, બસ ૨૫ એપ્રિલના રોજ મુસાફરોને લઈને વડોદરાથી નીકળી હતી. આ તમામ પ્રવાસીઓ ઓરિસ્સાના જગન્નાથપુરી, કોલકાત્તા ગંગાસાગર થઈને સાંજે સિલીગુડી પહોંચ્યા હતા. આજે સિલીગુડીથી બસ બિહારના ગયા જિલ્લામાં જવા નીકળી હતી.

આ દરમિયાન નેશનલ હાઈવે ૫૭ પર પાવર ગ્રીડ પાસે રસ્તા પરથી લગભગ ૨૦ ફીટ નીચે જઈને ખીણમાં પડી હતી. આ બાદ મૃતકોના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. તેમજ ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા હતા.